સબૂરી બાયોટેક પ્રા. લિ. જે ગુજરાત રાજ્યના આણંદ જીલ્લામાં છેલ્લા ઘણાં વર્ષથી વ્યાજબી દરે કૃષિ બજારમાં ટીસ્યુ કલ્ચર કેળ, દાડમ, લીંબુ તથા પપૈયા (રેડ લેડી ૭૮૬) વધુ ઉત્પાદન આપતી નોન-યુ સીડ્સ (ઈન્ડિયા) પ્રા. લી. ની જાત નું બિયારણથી ઉત્પાદિત છોડનું વેચાણ કરે છે. આપના સહયોગથી દિન પ્રતિદિન ઉચ્ચ ટેકનોલોજીનો ખેતીક્ષેત્રે ઉપયોગ કરી સાથે મળીને ઉચ્ચ શિખરે પહોંચવા માટે અમો સતત કાર્યરત છીએ.

# તાઈવાન પપૈયા રેડ લેડી - ૭૮૬ ની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ



## રોપણીના ૩૦ થી ૬૦ દિવસ પહેલા લેવાની જરૂરી કાળજી :

- પપૈયાની રોપણીના ૩૦ થી ૬૦ દિવસ પહેલાં પ્રતિ એકર કહોવડાવેલું ૧૦ થી ૧૫ ટન છાણીયું ખાતર + ૧૦૦ કિલો સિંગલ સુપર ફોસ્ફેટ + ૫૦ કિલો મ્યુરેટ ઓફ પોટાશ + ૧૦ કિલો સુક્ષ્મ તત્વો નું મિશ્રણ કરી જમીનમાં આપવું
- ઉનાળામાં (માર્ચ થી મે મહિના સુધીમાં) વાવેતર કરવાનું હોય તો વાવેતરનાં ૩૦ થી ૬૦ દિવસ પહેલાં ખેતરમાં શણ, રજકો, કઠોળ પાકનું વાવેતર કરવું. જેથી પપૈયાના છોડને સીધો તડકો ના લાગે.

## રોપણીના સમયે લેવાની કાળજી :

- છોડની રોપણી ૬ X ૬ ફૂટ અથવા ૭ X ૬ ફૂટના અંતરે કરવી.
- રોપણીના ૭ દિવસ પહેલાં દરેક ખાડામાં ૧૦૦ ગ્રામ સિંગલ સુપર ફોસ્ટેટ + ૫૦ ગ્રામ મ્યુરેટ ઓફ પોટાશ + ૫ ગ્રામ ફયુરાડાન ખાડામાં નાખી માટી સાથે મિશ્ર કરી આશરે ૫૦૦ મીલી પાણી આપવું.
- છોડની રોપણી સાંજના સમયે જ કરવી. રોપણી પછી તુરંત પિયત આપવું.


## રાસાયણિક ખાતર આપવાનો સમય, પ્રકાર તથા માત્રા

| ખાતર આપવાનો સમય | ખાતરનો પ્રકાર (ગ્રેડ) | ખાતરની માત્રા (ગ્રામ / છોડ) |
|---|---|---|
| ૩૦ થી ૪૫ દિવસે | યુરીયા | ૫૦ |
| ૬૦ થી ૯૦ દિવસે | સિંગલ સુપર ફોસ્ટેટ + મ્યુરેટ ઓફ પોટાશ | ૭૫ + ૫૦ |
| | એમોનિયમ સલ્ફેટ | ૫૦ |
| ૯૦ થી ૧૨૦ દિવસે | સિંગલ સુપર ફોસ્ટેટ + મ્યુરેટ ઓફ પોટાશ | ૧૦૦ + ૫૦ |
| | મેગ્નેશિયમ સલ્ફેટ + યુરીયા | ૧૦ + ૫૦ |
| | સુક્ષ્મ તત્વોનું મિશ્રણ (માઈક્રોન્યુટ્રીયન્ટ) | ૧૦ |
| ૧૨૦ થી ૧૫૦ દિવસે | સિંગલ સુપર ફોસ્ટેટ + મ્યુરેટ ઓફ પોટાશ | ૧૦૦ + ૭૫ |
| | યુરીયા + એમોનિયમ સલ્ફેટ | ૨૫ + ૨૫ |
| ૧૫૦ થી ૧૮૦ દિવસે | મ્યુરેટ ઓફ પોટાશ + એમોનિયમ સલ્ફેટ | ૭૫ + ૫૦ |
| | સુક્ષ્મ તત્વોનું મિશ્રણ (માઈક્રોન્યુટ્રીયન્ટ) | ૧૦ |
| ૧૮૦ થી ૨૧૦ દિવસે | મ્યુરેટ ઓફ પોટાશ + કેન | ૧૦૦ + ૭૫ |
| ૨૧૦ થી ૨૪૦ દિવસે | મ્યુરેટ ઓફ પોટાશ + યુરીયા | ૭૫ + ૫૦ |
| ૨૪૦ થી ૨૭૦ દિવસે | પોટાશ | ૭૫ |
| ૨૭૦ થી ૩૦૦ દિવસે | મ્યુરેટ ઓફ પોટાશ | ૭૫ |

નોંધ : • સીંગલ સુપર ફોસ્ટેટ તથા મ્યુરેટ ઓફ પોટાશ ખાતરો હમેશા છોડની બાજુમાં ૫ થી ૭ ઈંચ ઉંડી રીંગ કરી પીયત પહેલાં આપવા • યુરીયા, એમોનિયમ સલ્ફેટ તથા કેન ખતરો પિયત પછી બીજા દિવસે જમીનમાં ભેજ હોય ત્યારે આપવા • સુક્ષ્મ તત્વો તથા મેગ્નેશિયમ સલ્ફેટ ખાતરો હંમેશા જુદા જ આપવા. (અન્ય ખાતરો સાથે મિશ્રણ ન કરવા) • પાણીમાં ઓગળતા ખાતરો (Water Soluble) ડ્રિપમાં જે તે કંપનીના એગ્રોનોમીસ્ટ ની ભલામણ મુજબ આપવા.



**પિયત :** પિયતનો આધાર જમીન તથા વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ પર આધાર રાખે છે. ઉનાળામ
૬ થી ૭ દિવસના અંતરે અને શિયાળામાં ૧૦ થી ૧૫ દિવસના અંતરે પિયત આપવું. વધુ પડતું પિયત આપવાથી
...ના કોહવારાનો રોગ આવવાનો સંભવ રહે છે. પિયત જમીનમાં ભેજ જળવાઈ રહે તેટલું જ આપવું. ખેતરમાં ડ્રિપ થી પિયત
આપવાનું હોય તો જે તે ડ્રિપ કંપનીના માર્ગદર્શન હેઠળ પિયત આપવું.



## નિંદામણ, આંતર ખેડ તથા માટી ચઢાવવી :

- છોડની શરૂઆતની અવસ્થાથી કાપણી સુધી નિંદામણ દૂર કરવું. નિંદામણ થી ઉત્પાદનમાં આશરે ૧૦ થી ૨૦ % સુધી ઘટાડો થવાનો સંભવ છે. તદ્ઉપરાંત રોગજીવાત નો ઉપદ્રવ જોવા મળે છે.
- છોડના મૂળમાં હવાની અવરજવર થાય તે માટે રોપણીના ૧ મહિના પછી જમીનમાં ભેજ હોય ત્યારે ઓછામાં ઓછી ચાર આંતર ખેડ અવશ્ય કરવી.
- આંતરખેડ જમીનના ઉપરના ૩ થી ૪ ઈંચ ની ઉંડાઈ સુધી જ કરવી. વધુ ઉંડી આંતર ખેડ કરવાથી મૂળના કોહવારાનો રોગ થવાની શક્યતા રહેલ છે.
- આંતર ખેડ કર્યા પછી તુરંત છોડની આજુબાજુ માટી ચઢાવવી.



| ...રની માત્રા (...ામ / છોડ) |
| --- |
| ૫૦ |
| ૭૫ + ૫૦ |
| ૫૦ |
| ૧૦૦ + ૫૦ |
| ૧૦ + ૫૦ |
| ૧૦ |
| ૧૦૦ + ૭૫ |
| ૨૫ + ૨૫ |
| ૭૫ + ૫૦ |
| ૧૦ |
| ૧૦૦ + ૭૫ |
| ૭૫ + ૫૦ |
| ૭૫ |
| ૭૫ |

## છોડની રોપણી પછી છંટકાવ તથા છોડના થડમાં આપવાની દવા, ખાતરની વિગત

| આપવાનો સમય | દવા / ખાતરનું નામ | દવા / ખાતરની માત્રા (ગ્રામ / મીલી પ્રતિ ૧૦૦ લિટર પાણીમાં) |
| --- | --- | --- |
| રોપણી પછી તુરંત જ (થડમાં રેડવું) | કોપરહાઈડ્રોઓકસીકલોરાઈડ + સ્ટ્રેપ્ટોસાયકિલન + કલોરોપાયરીફોસ + ૦૦ - ૫૨ - ૩૪ (ખાતર) | ૫૦ + ૬ + ૧૦૦ + ૨૦૦ |
| ૧૫ થી ૩૦ દિવસે (છંટકાવ કરવો) | ૧૯ - ૧૯ - ૧૯ (ખાતર) + મોનોક્રોટોફોસ | ૨૦૦ + ૧૦૦ |
| ૩૦ થી ૪૫ દિવસે (થડમાં રેડવું) | માર્શલ (કાર્બોસલ્ફાન) + ૧૨ - ૬૧ ૦૦ + બાવીસ્ટીન | ૧૦૦ + ૨૦૦ + ૧૦૦ |
| ૩૦ થી ૪૫ દિવસે (છંટકાવ કરવો) | ૧૯ - ૧૯ - ૧૯ (ખાતર) + ઈમીડાકલોપ્રીડ | ૨૦૦ + ૫૦ |
| ૪૫ થી ૬૦ દિવસે (છંટકાવ કરવો) | ચિલેટેડ માઈક્રોન્યુટ્રીયન્ટ (સુક્ષ્મ તત્વો) + ૧૩ - ૦૦ -૪૫ બાયોઝાઈમ + કલોરપાઈરીફોસ | ૧૦૦ + ૨૦૦ + ૧૦૦ + ૧૫૦ |
| ૬૦ થી ૭૫ દિવસે (થડમાં રેડવું) | હ્યુમિક એસિડ (૮૦% થી વધારે પાવડર રૂપમાં હોય તેવું) + કેલ્શિયમ મેગ્નેશિયમ નાઈટ્રેટ + સાફ + કિવનાલફોસ | ૫૦ + ૧૦૦ + ૧૦૦ +૧૦૦ |
| ૭૫ થી ૯૦ દિવસે (છંટકાવ કરવો) | ટ્રાય કોન્ટીનોલ + ૧૯ - ૧૯ -૧૯ (ખાતર) + કોપર ઓકસીકલોરાઈડ (COC) + એસીટોમાપ્રાઈડ | ૨૦૦ + ૨૦૦ + ૨૦૦ + ૫૦ |
| ૯૦ થી ૧૨૦ દિવસે (થડમાં રેડવું) | કોસાઈડ + એમીનો એસીડ + DDVP | ૧૦૦ + ૨૫૦ + ૧૦૦ |
| ૧૨૦,૧૫૦,૧૮૦,૨૧૦ દિવસે (છંટકાવ કરવો) | ૧૯ - ૧૯ -૧૯ + ચિલેટેડ બોરોન + થાયોમેથોક્ષોન / ઈમીડાકલોપ્રીડ + પરફેકટ | ૨૦૦ + ૫૦ + ૫૦ +૧૦૦ |

**નોંધ :**

- જમીનમાં ભેજ હોય ત્યારે જ દવા / ખાતરનો છંટકાવ અથવા થડમાં રેડવી.
- દવા / ખાતર નો છંટકાવ હંમેશા વહેલી સવરે અથવા સાંજે જ કરવો.
- દવા / ખાતર નું પ્રમાણ ઉપર જણાવેલ માત્રા થી વધારે ન આપવું.
- દર ત્રણ મહિને ફોરેટ પાવડર ખેતરનાં શેઢા, પાળા તથા વાડ પર છંટકાવ કરવો.
- વાવણીના પાંચ મહિના પછી બોર્ડોપેસ્ટ ને પપૈયાના થડને જમીન થી એક ફૂટ સુધી ઉપર લગાવવી.





## અમારા અન્ય સોપાનો (ટીસ્યુકલ્ચર)

**લીંબુ**



**દાડમ**



**કેળા**



## વિશેષ નોંધ :

પપૈયાનાં પાક વખતે ખેતરમાં મરચાં, ટામેટાં, રીંગણ, ભીંડા જેવા પાકોનું વાવેતર કરવું જોઈએ નહીં. આ પ્રકારનાં પાકનું વાવેતર કરવાથી વાયરસ તથા જીવાતનો ઉપદ્રવ થવાની સંભાવના રહેલ છે.

## જૈવિક ખાતરો તથા જૈવિક ફૂગનાશક યુકત છાણિયું ખાતર બનાવવાની રીત અને આપવાનો સમય :



૧ ટન કોહવાડાવેલું છાણિયું ખાતર + ૨૫૦ કિગ્રા દિવેલ / કરંજ / રાયડો / લિમડાનો ખોળ + ૧ કિગ્રા પેસીલોમાયસીસ લીલાસીનમ (Paecilomuces lilacinum w.p.) અથવા ટ્રાયકોડરમા (જૈવિક સ્ફૂગ) + ૧ કિગ્રા એઝોટોબેકટર + ૧ કિગ્રા ફોસ્ટેટ સોલ્યુબિલાઈઝીંગ બેકટેરીયા (પી.એસ.બી.) મિશ્રણ કરી ભેજ માટે જરૂરી પાણીનો છંટકાવ કરી ૧૫ દિવસ છાંયડામાં કંતાન ઢાંકીને રાખવું. ઉપરનાં મિશ્રણમાં ભેજ જળવાઈ રહે તે માટે પાણીનો છંટકાવ કરતા રહેવું. ઉપરના મિશ્રણને દર ત્રીજા દિવસે ઉપર નીચે કરતા રહેવું.

## મિશ્રણ આપવાનો સમય :

ઉપર બનાવેલ મિશ્રણને વાવણીના ૬૦ થી ૯૦ દિવસે ૧ એકરમાં આપી, હળવી ખેડ કરી જમીનમાં મિશ્રણ કરી પિયત આપવું.










Digital Mind - 9824267227





**SABURI BIOTECH PVT. LTD.**

**Regd. Office :**

Opp. WALMI Campus, Anand - Vadod Road,
At. & Po. Hadgud - 388110
Dist. ANAND (Guj.)
email : manhar777@gmail.com
Mo.: +91 98258 78526 +91 97277 61625

ઉપરોક્ત માહીતી માત્ર જાણ માટે જ છે. તેનો ઉપયોગ કાનુની દસ્તાવેજ તરીકે થઈ શકશે નહીં.